શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર



# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in

વર્ષ : ૩૬ • અંક : ૭ • પાના : ૨૦ તંત્રી : ભરત કે. સતિકુંવર જુલાઈ – ૨૦૨૫ મૂલ્ય : રૂા. ૧૨/–

ભાઈ–બહેનને લાગણીઓના અતુટ બંધનમાં બાંધતો તહેવાર એટલે

## રક્ષાબંધન




સ્વાતંત્ર્ય દિવસની હાર્દિક શુભેચ્છા

।। જય શ્રી રાંદલ મા ।।

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા



આપણા સમાજના સ્વ. શ્રીમતી માધવીબેન ધીરજભાઈ સાગર-મહુવા (હાલ મુંબઈ)ના વસિયત બાબતે બોમ્બે હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. હાલમાં તા. ૧૧-૦૭-૨૦૨૫ના રોજ કોર્ટમાં સુનાવણી સમયે સિનિયર કાઉન્સીલર ઍડ. જયેશભાઈ એસ. કિણીએ આપણા તરફથી સચોટ અને ધારદાર દલીલો સાથે પક્ષ રજૂ કર્યો હતો. તે સમયે સ્વ. શ્રીમતી માધવીબેન ધીરજભાઈ સાગરના ભત્રીજાઓ શ્રી ભરતભાઈ મનુભાઈ સાગર, શ્રી દિપકભાઈ ગિરધરભાઈ સાગર, શ્રી બિપીનભાઈ ગિરધરભાઈ સાગર તથા શ્રી કમલેશભાઈ ગિરધરભાઈ જીણાદ્રા. શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તરફથી શ્રી અમુભાઈ ઘઘડા, શ્રી જીતુભાઈ સુરૂ, શ્રી જમનાદાસભાઈ ધકાણ, શ્રી તરૂણભાઈ સોલંકી, શ્રી ગિરીશભાઈ સાગર, શ્રી તુષારભાઈ ધકાણ સહિત સમાજ અગ્રણી શ્રી દિનેશભાઈ સતિકુંવર (ડી.કે), શ્રી રાજુભાઈ સતિકુંવર, શ્રી દિલીપભાઈ ધકાણ, શ્રી રાજુભાઈ હિરાણી, શ્રી વિપુલભાઈ કાગદડા, શ્રી ભરતભાઈ કાગદડા, શ્રી કાંતિભાઈ થડેશ્વર, શ્રી દીપુભાઈ ધકાણ, શ્રી દક્ષેશ ચોકસી, શ્રી હરેશભાઈ સલ્લા, શ્રી હિરેનભાઈ સલ્લા ઉપસ્થિત રહ્યા હતા. આ કેસમાં ઍડ. જયેશ એસ. કિણી, ઍડ. ઓમ જે. કિણી અને શ્રી પાર્થ જે. કિણીએ જે અમુલ્ય સહયોગ આપ્યો છે તે બદલ એમનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કરીએ છીએ.

**Shree Mumbai Upanagar Parajiya Sahakari Society**

**Smt. Madhuben Haribhai Dhakan**

**36TH TEJASVITA SANMAN SAMAROH**

**Sunday, 21st September 2025 • Time : 3:00 P.M.**
**Venue : Soni Banquet Hall**

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

પરજિયા
સોની સંદેશ

તંત્રી :
ભરત કે. સતિકુંવર

❖

પ્રકાશન સ્થળ
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

મુખપત્રના માલિક
શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

મૂલ્ય : રૂા. ૧૨.૦૦

❖


મુદ્રણ સ્થાન
જીજ્ઞેશ પ્રિન્ટર્સ
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

આજીવન લવાજમના દરો :
ભારતમાં : રૂા. ૫૦૦/-
વિદેશમાં : રૂા. ૩૫૦૦/-
લવાજમ તેમજ જાહેરાતના ચેક 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

## આ અંકમાં વાંચશો...


- તંત્રી સ્થાનેથી....
- પરજવંશનો ચળકતો બુરજ...
- અભિનંદન
- ૩૬મો શૈક્ષણિક સમારંભ
- જીવન સંધ્યા
- મુંબઈ સુવર્ણકાર સંઘ
- શર્ટ
- ઓનલાઈન જિંદગી
- આઝાદીનું ૭૮મું વર્ષ
- ભાદરવી અમાસ નિમંત્રણ
- આપણા જીવનમાં કેટલા મિત્ર હોવા જરૂરી છે?
- ભેટની યાદી



ર = રક્ષા કરજે વીરા તારી બહેનની
ક્ષા = ક્ષમા કરજે વીરા તારી બહેનને
બં = બંધનમાંથી મુક્ત કરજે વીરા તારી બહેનને
ધ = ધ્યાન રાખજે વીરા તારી બહેનનું
ન = ન ભૂલતો વીરા તારી બહેનને

## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....✍*



# સોશિયલ મીડિયાનું વ્યસન અને આજનો યુવા વર્ગ...

આજના ડિજીટલ યુગમાં સોશિયલ મીડિયા આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ, યુટ્યુબ, અને ટ્વીટર જેવા પ્લેટફોર્મ્સ યુવાનોમાં ખૂબ લોકપ્રિય બન્યા છે. શરૂઆતમાં આ પ્લેટફોર્મ્સ મનોરંજન, જોડાણ અને માહિતીની આપલેના સાધન તરીકે ઊભા થયા હતા, પરંતુ હવે તે વ્યસનનું રૂપ ધરી ચૂક્યા છે – ખાસ કરીને યુવા પેઢી માટે.વિષયની ગંભીરતાઃસોશિયલ મીડિયા વ્યસન એટલે જ્યારે વ્યક્તિ સતત પોતાના ફોન પર નોટિફિકેશન ચેક કરતો રહે, દિવસનો મોટાભાગનો સમય અનાવશ્યક સ્ક્રોલિંગમાં પસાર કરે અને આ કારણે પોતાની રોજિંદી કામગીરીમાં અવરોધ આવે. ખાસ કરીને યુવા વર્ગમાં આ આધુનિક વ્યસન ઘણી બધી સમસ્યાઓને જન્મ આપી રહ્યું છે.આધુનિક યુવાનો પર અસર ૧) માનસિક આરોગ્ય પર અસર – સતત સરખામણીઓ, લાઇક્સ અને ફોલોઅર્સની રેસ યુવાનોને ચિંતિત અને નિરાશ બની રહેવા માટે મજબૂર કરે છે. ડિપ્રેશન અને એન્ઝાયટી જેવી સમસ્યાઓ વધી રહી છે. ૨) એકાગ્રતામાં વિક્ષેપ – અભ્યાસ દરમિયાન વારંવાર ફોન ચેક કરવો, મેસેજ આવતાં જ જવાબ આપવો – આથી મનની એકાગ્રતા નષ્ટ થાય છે. ૩) સામાજિક જીવનથી દૂર થવું – મોબાઇલ સ્ક્રીનમાં ખોવાયેલા યુવાનો મિત્રો અને પરિવારથી દુર થવા લાગ્યા છે. વાસ્તવિક સંબંધો ઉપર ડિજીટલ સંબંધો હાવી થઈ રહ્યાં છે.૪) શારીરિક અસરો – સતત સ્ક્રીન સામે રહેવાથી આંખોના પ્રશ્નો, માથાનો દુઃખાવો, ઊંઘની અછત જેવી શારીરિક તકલીફો પણ વધી રહી છે. ઉપાય શું હોય શકે? ડિજિટલ ડિટોક્સ – રોજના થોડાક કલાકો ફોનમાંથી દૂર રહીને પુસ્તક વાંચવું, રમત રમવી કે પરિવાર સાથે સમય વિતાવવો. સોશિયલ મીડિયા માટે સમય મર્યાદા – એપમાં ઉપલબ્ધ સ્ક્રીન ટાઇમ ફીચર્સનો ઉપયોગ કરીને દિવસનો મર્યાદિત સમય નક્કી કરવો.મનોરંજનના વિકલ્પો – સંગીત, યોગા, કલા કે અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં રસ લઇને ડિજિટલ દુનિયાથી થોડું દુર રહેવું. સાચી માહિતીની ઓળખ – સોશિયલ મીડિયા પર મળતી દરેક વાત પર વિશ્વાસ કરવાને બદલે પોતાની સમજથી ચકાસણી કરવી. નિષ્કર્ષઃસોશિયલ મીડિયા કોઈ દુશ્મન નથી, પરંતુ તેનું અતિશય ઉપયોગ ઝેરી સાબિત થઈ શકે છે. યુવા પેઢીએ સમજીને તેનું સ્માર્ટ ઉપયોગ શીખવું જોઈએ. ત્યારે જ તેઓ પોતાની શક્તિઓનો સાચો ઉપયોગ કરીને ઉજ્વળ ભવિષ્ય તરફ આગળ વધી શકે.

**– ભરત કે. સતિકુંવર**

**'પરજિયા સોની સંદેશ' માં પ્રસિદ્ધ થતાં લેખો, વાર્તા, કવિતાના લેખક/લેખિકાઓનો ખૂબ ખૂબ આભાર સમયમાં આપનો સહયોગ મળતો રહે એ આશા સાથે જય માતાજી.**

# પરજવંશનો ચળકતો બુરજ પરજાવથી નીકળી, બ્લુચીસ્તાન,સિંધ,પાટણ, કચ્છ થઈ બગસરાની ''શાંતલહરી'' માં વિલીન થયો...!

કચ્છથી પાતા નાજા ધોરડાનું એક કુટુંબ કાઠિયાવાડના થાણાદેવડી જે તે સમયે ત્યાં રાજનું લશ્કરી થાણું અને વહીવટી અનુકૂળતા માટે કોર્ટ (દેવડી) પણ બેસતી. એટલે તે થાણાદેવડી તરીકે ઓળખાતું હતું. આઝાદી પછી થાણાદેવડીનું નવું નામકરણ અમરનાગર થયું.બાજુમાં વડીયામાં પણ કોર્ટ (દેવડી) બેસતી એટલે તે વડીયાદેવડી તરીકે ઓળખતું હતું.

પાતા નાજા ધોરડાના લગ્ન માછા ડોસા ધકાણના દીકરી રાણીબાઈ સાથે થયા હતાં .તેમને ત્રણ દીકરા ભીમ,જીવા અને નારણ અને દીકરી મલુબાઈ .

તે કાળમાં પરજીયા સોનીની ધાક રહેતી.રજવાડા પણ પરજીયા સોની સાથે વિવેકથી વર્તતા,માથાભારે માણસ, લૂંટારા પણ પરજીયા સોનીથી ચીલો ચાતરી ચાલતા. જેની મૂછે લીંબુ લટકતા હોય,ચમરબંધી જેના ભયથી થરથર કાંપતા હોય તેવા બહારવટિયા પણ જે ગામમાં પરજીયા સોનીનું ઘર હોય તે ગામથી દૂર રહેતા.થાણાદેવડીમાં પાતા નાજા ધોરડાનો હાંકો રહેતો હતો. તેનાથી સવાયો હાંકો તેના દીકરા નારણનો હતો.

પાતા નાજા ધોરડાના પડોશમાં એક રાવળદેવ કુટુંબ રહેતું હતું. આર્થિક અને સામાજિક રીતે પાતળું કુટુંબ,બે ત્રણ ગાય પાળી હતી. ક્યારેક કોઈ કુટુંબમાં માતાજીનો માંડવો હોય ત્યારે માતાજીની પાળે ડાક વગાડવા જાય. ક્યાંક માંડલું બેઠું હોય અને ભુવા ધુણતા હોય ત્યાં જઈ માતાની સળાયું બોલે અને ડાક વગાડે.તેમાં થોડાઘણા પૈસા આવે થોડું ઘણું અનાજ આવે તેમાંથી પોતાનું અને બાલબચ્ચાનું ગુજરાન ચલાવે. ઘરમાં કાંઈ ન હોય ત્યારે રાણીમાના ઉંબરે ઉભા રહે એટલે ઠાલા હાથે કદી પાછા ના ફરે ! આમ રાવળદેવ પરિવારને પાતા ધોરડાના પરિવારની હૂંફ અને સંરક્ષણ પણ મળી ગયું હતું. ઘણીવાર મા-દીકરી રાતવહુર એકલી હોય બાપ-દીકરો ડાક વગાડવા ગયા હોય ત્યારે પાડોશમાં પાતાઆપા સોની છે ત્યાં સુધી બાપ-દીકરો પરિવારની ચિંતા છોડી બિનદાસ ડાક વગાડતા બે પૈસા વધુ કમાતા.

રાવળદેવની દીકરી રિસામણે બેઠી હતી. તેમના સાસરિયા બધી રીતે સમૃદ્ધ અને તાકતવર હતા. બેત્રણવાર જોહુકમી કરી દીકરીને લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો. પાડોશમાં સોની કુટુંબ આડખીલી રૂપ હતું. એટલે સફળ થયા નહીં

દીકરીના માથાભારે સાસરિયાએ નામચીન ખાંટને રૂપિયાની લાલચ આપી કારશો રચ્યો. અમાસની રાતે કોઈ જગ્યાએ માંડણું બેઠું હતું ભુવા ધુણવાના હતા.ત્યાં ડાક વગાડવા અને સળાયું બોલવા રાવળદેવ બાપ-દીકરો ગયા હતા. તે વેળા સાસરિયા અને માથાભારે ખાંટે લાગ જોઈ કારસ્તાનનો આદર કર્યો.

મધરાતનો ઘોર અંધારાનો સમય માથે લીધો. તેમના કારસામાં આડખીલી બનનાર સોનીને દૂર રાખવા માટે ચોર પગલે પાતા ધોરડાના ખોરડામાં પ્રવેશ કરી ઓરડાના કમાડને સજ્જડ સાંકળ ચડાવી દીધી. ખડકીને પણ બહારથી સજજડ સાંકળ મારી જેથી કોઈ સંજોગમાં પરજીયાનો કોઈ મરદ બહાર આવી ના શકે.

ભાંગતી રાતની મીઠીનીંદરમાં થાણાદેવડી આખું સૂતું છે.ત્યારે રાવળદેવના ફળિયામાં માથાભારે ખાંટનું ટોળું ખાબકયુ રીડયારમણ થવા લાગી જેમ કબૂતર બિલાડીના મોઢામાં તરફડે તેમ રાવળદેવની દીકરી માથાભારે ખાંટના હાથમાં કબૂતરની જેમ ફફડતી હતી. મદદ માટે રાડો પાડતી રહી!

અચાનક ભર નિંદરમાં પાતાઆપાના દીકરા નારણને મરણચીસ જેવી કોઈ અબળાની ચીસ સંભળાઈ નારણ દોડી કમાડ ખોલવા પ્રયત્ન કરે છે. કમાડ બહારથી બંધ છે તેનો તાગ મેળવી લીધો.પળનો પણ વિલંબ કર્યા વગર તલવાર હાથમાં લીધી. ચિત્તાની ઝડપે છલાંગ મારી ઘોડીપાટ ઉપર ચડ્યો, નળીયા ઉંચકાવી ખપેડા ફાડી છાપરે ચડી કરા ઉપરથી રાવળદેવના ફળિયામાં છલાંગમારી હાકલા પડકારા કરતો રણે ચડ્યો.

આજે નારણના રૂંવેરૂંવે નકરે નકરું પરજીયાનું શૂર નીતરતું હતું. પારેવા જેવી દીકરીને વરુ જેવા ખાંટના પંજામાંથી છોડાવી ઓરડામાં પુરી દીધી. કમાડ બંધ કરી આગળ પાછળ સાંકળ મારી દીધી.

હાથમાંથી શિકાર છટકતા ખાંટ ભૂરાયા થયા અંધારામાં ખબર નહોતી પડતી કે નારણ સોનીએ કેટલી લોથ ઢાળી દીધી હતી. નારણ સોનીનું આવું વિકરાળ રૂપ જોઈ. ખાંટ ભાગ્યા નિરવ શાંતિ છવાઈ ગઈ નારણ લોહી નીતરતા શરીરે અડાબીડ ઉભો રહી વેરીને ભાગતા અનુભવે છે. પોતે પાડોશી ધરમ નિભાવી દીકરીને ઉગારી હાશકારો અનુભવે છે. ત્યાં અચાનક પાછળથી બાકી રહી ગયેલ એક ખાંટ જુવાને દગાથી પોતાની તલવાર પીઠ સોંસરવી છાતી ચીરી આરપાર કરી નાખી.નારણ સોનીના મોઢામાંથી છેલ્લા શબ્દ નીકળી ગયા ''હટ..! ભૂંડા. પાછળથી ઘા કર્યો..!'' વખત વહી ગયો હતો ! ભોંભાખડું થઈ ગયું હતું ! સૂરજ દાદાનું પહેલું કિરણ જાણે આભિષેક કરતું હોય તેમ સ્થિર થઈ ગયું હતું. નારણ સોની પોતાની સાથે દસ માથા લઈને સ્વર્ગે સિધાવ્યો હતો.

''નારણ તું નરપત સમો, ભડનોભડ શૂરવીર;
સમયેથી સુખ દે સદા, ભાંગે ભવની ભીર.''

★ ★ ★ ★ ★

કાળક્રમે થાણાદેવડીથી ધોરડાના એક કુટુંબે બગસરમાં વસવાટ કર્યો આ કુટુંબના મોભી રાણાઆપાના લગ્ન જીવાભાઈ રામભાઈ ધકાણની દીકરી ખીમદેબાઈ વેરે થયેલા. રાણાઆપાનો દબદબો બગસરાની બજારમાં જોવાજેવો હતો. જનમજાત મળેલ જાજરમાન વ્યક્તિત્વ તેમની અંગત જાગીર હતી.રાણાઆપા બગસરાની ઉભી બજારે નીકળે ત્યારે લોકો બહાર નીકળી આપમેળે માન આપતા. બગસરાની બજારમાં રાણાઆપા એટલે ખમીર, ખાનદાની, નીતિનું વાવેતર હતું.

રાણાઆપાને ત્યાં સુખનો સૂરજ ઉગ્યો. ખીમદેબાઈની કુખે પહેલે ખોળે ગૌધુલિક સમયે શુભ ચોઘઘડીએ દેવનો દીધેલ દીકરો જન્મયો ગૌધુલિક સમયે જન્મયો એટલે નામ રાખ્યું ગોલણ (સાંજનો સાડા પાંચનાં પવિત્ર સમયે જન્મ પામનાર ) રાણાઆપાએ ગામ આખામાં પતાશા વેચ્યા. ગરીબગુરબાને દાન કર્યા.અનેક લોક ઉપયોગી દાન કર્યા. આ વાત બગસરા દરબારથી અજાણી ના હતી. પરજીયા રાણાઆપાના આવા કાર્યથી બગસરા દરબાર પોરસાતા હતા.

ગોલણને બાળપણમાં રાણાઆપા અને ખીમદેઆઈ પોતાના પૂર્વજની ખાનદાની, ખમીર અને પરજીયા જમીરની વાતો કરી સંસ્કાર આપતા હતા. સમય જતા રાણાઆપાને ખોરડે વઇજો, વસ્તો અને મુળુનો જન્મ થયો. રામ , લખમણ, ભરત, શત્રુઘ્ન જેવા ચારચાર પુત્રો ફળિયે રમતા થયા. શાંતલડીનું વહેણ પશ્ચિમ પૂર્વ તરફ વહે છે એટલે તે નદી ગંગાનું રૂપ કહેવાય એટલે શાંતલડી બગસરાની ગંગા કહેવાતી હતી.શાંતલડી (શાંતલહેરી)માં અનેક નીર વહી ગયા.

ગોલણ જુવાન થયો. ગોલણે પોતાના પિતાનો સામાજિક અને વ્યવસાયિક ભાર પોતાના ખભે લઈ લીધો તેનો રાણાઆપાને અણસાર સુધ્ધા પણ ના આવ્યો. રાણાઆપાએ પોતાના મોટા દીકરાના લગ્ન પોતાના મિત્ર અને સંબંધી નાજાભાઈ ખેરાજભાઈ સાગરની દીકરી સાજણબાઈ વેરે ધામેધુમે કર્યા.બગસરા ગામ ધુમાડાબંધ જમાડયું. પતિપત્નીએ પોતાનો સંસાર દિપાવ્યો અને દિવ્ય બનાવ્યો.

ગોલણની ઓળખ ધીમેધીમે બદલવા લાગી હતી. બગસરા પરગણાંમાં ગોલણઆપા સોની તરીકે ઉપસી ગઈ હતી. ગોલણઆપાએ રાણાઆપાની શાખ સવાઈ કરી હતી. ગોલણઆપાએ વ્યવહાર સંભળ્યાં પછી સમૃદ્ધિ અનેક ગણી વધી હતી. જાણે કુબેર ગોલણઆપાની ડેલીએ ખુદ થાપા મારી ગયા હોય. ગોલણઆપાની શાખની સાથે સમૃદ્ધિ પણ અનેકગણી વધતી જતી હતી. દરબારગઢમાં રાણા આપાની જગ્યાએ ગોલણઆપનો આવરોજાવરો થવા લાગ્યો. (ક્રમશઃ)

**સંકલન : ગુણવંત ધોરડા,જેતપુર,**
**સૌજન્યઃ સાગરકુમાર બારોટ (રાજકોટ)**
**ડો. ભુપેન્દ્રસિંહ અભાંણી (જેતપુર)**
**નારાયણભાઈ સોની છટપોંખ્યા (દિબ્રુગાઢ )**
**વિશેષ સૌજન્યઃ ગિરધરભાઈ સોલંકી (બગસરા)**

## અભિનંદન



બહેરીન નિવાસી શ્રી મનસુખલાલ કેશવલાલ પ્રાગજી રાઠોડ તથા કલાવંતી મનસુખલાલ રાઠોડના પૌત્ર તથા ભાવનાબેન રાઠોડ તથા દર્શનભાઈ મનસુખલાલ રાઠોડના પુત્ર ચિ. ક્રિષ્ના ધોરણ ૧૦ ના બોર્ડ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા તે બદલ સંસ્થાને રૂા. ૨૦૦૧/– ખુશી ભેટ. (હસ્તે : પરેશભાઈ કે. ધકાણ – સુરત)

આપ શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કરતા રહો એવી શુભેચ્છા સાથે ચિ. ક્રિષ્નાને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન ...

---




# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ–૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી

દ્વારા આયોજીત

## શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ

## '૩૯મો શૈક્ષણિક સમારંભ'

**રવિવાર, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ * સમય : બપોરે ૩:૦૦ કલાકે**

સ્થળ : સોની બેન્કવેટ હૉલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ પોતાના ફોર્મ તા. ૧૦-૦૯-૨૦૨૫ પહેલા સોનીવાડીની ઓફિસમાં જમા કરાવવાના રહેશે. તે પછી કોઈ પણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

વિશેષ નોંધ :

- ધોરણ ૧ થી ૪ ના ૭૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ધોરણ ૫ થી ૧૨ના ૬૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ડીપ્લોમા, વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સ ના ૫૦% થી ઉપર માર્કસ હોવા જોઈએ
- ઈનામ વિતરણના દિવસે પોતાની સ્લીપ સાથે લાવવી ફરજીયાત છે.
- હાજર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને જ ઈનામ આપવામાં આવશે.
- સમયસર હાજરી આપવી ખાસ જરૂરી છે.

# મુંબઈ સુવર્ણકાર સંઘ

મુંબઈ સુવર્ણકાર સંઘ દ્વારા MSME ગોલ્ડ વેલ્યુએશન સર્ટીફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવશે.

કોર્સ ફી : રૂા. ૬,૪૯૦/- (૧૮% GST સહિત)

મુંબઈ સુવર્ણકાર સંઘની ઓફિસ : ૬૩, કાચવાલા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૧૩, ધનજી સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦૦૦૩. - સંપર્ક કરો : **7506164774**

સાદર

મુંબઈ સુવર્ણકાર સંઘ

મહાસચિવ શ્રી અદીપ રાજેન્દ્ર વેણેકર

(*જા×ખ)

# જીવન સંધ્યા

'જીવન સંધ્યા' એટલે પોતાની જરૂરિયાત પૂરી થતાં જ ઘરના સભ્યો તમને પૂછ્યા વગર ઘરના દરેક નિર્ણય લેવા લાગે!!...

આવા સમયમાં આવનારી સ્થિતિનો માનભેર સામનો કરતા શીખવું, છેલ્લા પચાસ વર્ષથી કાંતાબેન ચોમાસુ આવે એની પહેલા આખા વર્ષનું કરિયાણું, મસાલા અને અથાણું ભરી રાખતા.

કાંતાબેન જ્યારે આ ઘરમાં આવ્યા ત્યારે તેઓ માંડ અઢાર વર્ષના હતા. એમના સાસુ એક નોટબુકમાં આખા વરસમાં લાગતા કરિયાણાથી લઈને દરેક વસ્તુનો હિસાબ રાખતા. એમની સાથે રહીને કાંતાબેન પણ હવે પારંગત બની ગયેલા. આજે પણ તેઓ નોટબુક લઇને કરિયાણાંનું લિસ્ટ બનાવી રહેલા ત્યાં જ દરવાજાની ઘંટી વાગી, દુ:ખતા પગ સાથે તાલમેલ મિલાવીને તેઓ ઊભા થયા તો સામે કરિયાણાવાળો હતો. 'માસી ચાર્મી ભાભીએ કરિયાણાની લિસ્ટ આપેલી એ મુજબનો સામાન છે, કંઇ બાકી રહ્યું હોય તો જણાવશો ?'

કાંતાબેનને જાણે વીજળીનો ઝટકો લાગ્યો હોય સુન્ન પડી ગયા. ચાર્મી, કાંતાબેનના દીકરા મીતની પત્ની... સુંદર, ગુણિયલ અને સંસ્કારી વહુ પણ આજે એમને પૂછયા વગર કરિયાણું મંગાવવું એ કાંતાબેનને ગમ્યું નહી. 'હવે આ ઘરમાં મારા કામની અને વિચારની જરૂરત નથી...' એટલું બોલીને ધીરેથી આંખના આંસુ લૂછીને ચાર્મીએ ઓર્ડર કરેલા કરિયાણાના લિસ્ટને જોયું એમાં ઘણીબધી વસ્તુઓ નવી દેખાતી હતી. વર્ષોથી તેઓ જે વસ્તુ મંગાવતા એમાંની ઘણી બધી વસ્તુઓ આ લિસ્ટમાં દેખાતી ન હતી. એ દિવસથી કાંતાબેને પોતાની જાતને ઘરના કામથી અગળી કરી નાખ્યા.

ઘરના કામમાં ખપ પુરતી મદદ કરતા પણ હવે પહેલા જેવો ઉત્સાહ દેખાડતા નહી. વહું સાથે પણ જરૂરત પૂરતું બોલતા. ચાર્મી પણ કાંતાબેન માં આવેલા પરિવર્તનને અનુભવી રહેલી. હવે કાંતાબેન સવાર-સાંજ મંદિરે જતા, પૌત્ર પૌત્રીને પણ નાહકની સલાહ આપવાનું બંધ કરી નાંખ્યુ. પોતાના કામ તેઓ જાતે કરી લેતા, હવે તો બહાર જવાનું પણ ઓછું કરી નાખ્યું. કોકવાર મંદિરે જતા ખરા. વધતી ઉંમરનો પ્રભાવ હવે તેઓના શરીર પર દેખાય રહ્યો હતો. હજી થોડા દિવસ પહેલા મંદિર પાસે પડતા પડતા બચી ગયા,અને તે પછી થોડો હતો કોન્ફિડન્સ પણ ગુમાવી બેઠા. છેલ્લા એક અઠવાડિયાથી તેઓએ સદંતર બહાર જવાનું બંધ કર્યું.

કાંતાબેને ઘરના કામમાંથી નિવૃતિ શું લીધી, એમના શરીરે પણ નિવૃત થવાનો જાણે પ્રણ લીધો!! શરૂઆત એમના પગથી થઈ, ચાલવામાં હવે તકલીફ થવા લાગી, શરીરને કસરત મળવાનું બંધ થતાં જ એમનું વજન વધવા માંડ્યું, પરિણામે થોડું ચાલે ત્યાં થાકી જાય. બાકી હતું ત્યાં આંખની તકલીફની સાથે દાંત પણ પડવા લાગ્યા. ખોરાક ખાવામાં પણ તકલીફ થવા લાગી. ચાર્મી કોઈપણ જાતની ફરિયાદ વગર કાંતાબેનનું ધ્યાન રાખતી. હવે એના કરિયાણાના લિસ્ટમાં 'એડલ્ટ ડાયપર' પણ આવવા લાગ્યા.

જ્યારે પણ સમય મળે ત્યારે ચાર્મી કાંતાબેનના માથામાં અને પગના તળિયામાં માલિશ કરી આપતી. છતાંપણ કાંતાબેનના મનમાં એકજ વાતની ખંત હતી કે ''આ ઘરમાં મારી વાત

કોઈ સાંભળતું નથી.'' આજે મીત ઑફિસેથી ઘરે થોડો વહેલો આવેલો. ત્યારે ચાર્મીએ એને કહ્યું કે 'આપણે બે દિવસ માટે બધા ફરવા જઈએ... મમ્મીને પણ ગમશે... ભલે એ કંઇ બોલતા નથી... પણ મનમાં મુંઝાઈ રહ્યા છે... તું ફ્રેશ થઈને મમ્મી સાથે વાત કર.'' કાંતાબેન ટીવીમાં કોઈ સિરિયલ જોઈ રહેલા એ વખતે મીત એમની પાસે ગયો, એમના માથે હાથ ફેરવીને બોલ્યો 'મમ્મી કાલે આપણે ક્યાંક ફરવા જઈએ, હાં તારા પગને થોડી તકલીફ થશે પણ વાંધો નહીં, તારું વોકર સાથે રાખીશું... હું અને ચાર્મી તને સાચવી લઈશું અને બાળકો પણ ખુશ થશે.''

ઘણાં દિવસે કાંતાબેન ખુશ દેખાયા. ચાર્મીનો હાથ પકડીને લાકડીના ટેકે એની સાથે ચોપાટી પર ફરતાં એ પગનો દુઃખાવો જાણે ભૂલી ગયા...!! કુલ્ફીવાળા પાસેથી કુલ્ફી લઇને ચાર્મી ને આપતા એક હળવી ટપલી એના ગાલ પર મારી 'સોરી બેટા, હું નાહકની રિસાઈ ગયેલી...' ચાર્મીની આંખમાં ખુશીના આંસુ છલકી પડ્યા. સુરજદાદા ધીરેધરે સમુદ્રમાં વિલીન થઈ રહેલા એજ વખતે આકાશમાં ચાંદામામાનો ઉદય થઈ રહેલો. કાંતાબેન સમજી ગયા, હવે જીવન સંધ્યાની આ ઘડીએ હવે કોઈ ફરિયાદ નહી. ચોપાટીની રેતીમાં ચટાઈ પાથરીને એક યુગલ બેઠેલું,વાતાવરણ ખુશનુમા હતું... એમાં પેલો છોકરો સારંગીપર 'આનંદ' ફિલ્મનું ગીત વગાડી રહેલો, 'જિંદગી કૈસી એ પહેલી હાય... કભી વો હસાયે... કભી વો રૂલાયે....'

**- C. D. Solanki ( CDS )**

---

## મુંબઈ સુવર્ણકાર સંઘ

**મુંબઈ સુવર્ણકાર સંઘ તરફથી દરવર્ષે તા. ૯ ઓગષ્ટ ૨૦૨૫ ના 'સુવર્ણકાર એકતા દિન' નિમિત્તે મુંબઈ સુવર્ણકાર સંઘના જે સભાસદ છે તે સુવર્ણકાર ભાઈ ઓ ધો. ૧૦મા તેમજ ધો.૧૨ ના જે વિદ્યાર્થીનું ૫૦% થી વધારે જેના માર્કસ હોય તેમજ હાઈએજ્યુકેશનમાં પાસ થયેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓનું સત્કાર કરવામાં આવે છે. તો તા. ૩૦ જુલાઈ ૨૦૨૫ સુધી મુંબઈ સુવર્ણકાર સંઘની ઓફિસમાં માર્કસશીટની કોપી સાથે ૧-ફોટો આપવાનો રહેશે. તા. ૩૦ જુલાઈ પછી ફોર્મ લેવામાં આવશે નહી.**

– સેક્રેટરી, શ્રી આદિપ વેણેકર

સેક્રેટરી (બોરીવલી વિભાગ) ગિરીશભાઈ સાગર

**<u>પરજીયા સોની સંદેશના વાચકો માટે</u>**

**'પરજીયા સોની સંદેશ'ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

# શર્ટ

દરરોજની માફક આજે પણ એ જ ટાઈમ હતો. દરરોજ ઓફિસે થી લગભગ સાડા સાત આઠ દરમિયાન ત્યાંથી પસાર થવાનું બનતું. બરાબર આ સમયે કેટલાક શ્રમજીવીના બાળકો રસ્તામાં આવતા એક નાના એવા પ્લોટ માં રમતાં. ત્યા એક મોટી ઈમારત બંધાતી હતી. ત્યાં કામ કરતા શ્રમજીવીના બાળકો નિયમિત રીતે ગાડી ગાડી રમતાં. પહેલો છોકરો એન્જિન બનતો. તેનું શર્ટ પકડીને બાકીનાં બધાં ગાડીના ડબ્બા બનતાં અને ગાડી ગાડી રમતાં. ગાડી ચાલી છૂક.. છૂક.. છૂક...! મારો એ રોજનો રસ્તો. હું જોતો કે એન્જિન અને ડબ્બા બદલાતાં રહેતાં. દરેકને એન્જિન થવું ગમે, પરંતુ એક નાનો છોકરો જે કાયમ ગાર્ડ નો છેલ્લો ડબ્બો જ બનતો. એક નાની ટૂંકી ચડ્ડી ને હાથમાં લીલો કકડો. ઉઘાડું શરીરને મસ્તીથી છૂક..છૂક... ગાડી રમતો. આજુબાજુ રેતી, કપચી, ઈંટો પડેલી હતી છતાં બાળકો માર્ગ કાઢીને રમત રમી લેતાં હતાં. મેં કૂતૂહલવશ એ છોકરાને પૂછ્યું : બેટા તારે એન્જિન નથી બનવું? બધા છોકરાઓ વારાફરતી એન્જિન બનતા હતા. છોકરાએ ખૂબ જ સરળતાથી જવાબ આપ્યો : ના.'કેમ ?' મેં પૂછ્યું. હું જો એન્જિન બનું તો બાકીના બધા મારી પાછળ મારું શર્ટ પકડીને ગાડીના ડબ્બા બને. પણ મારી પાસે શર્ટ નથી ને.... છોકરાના ચહેરા પર ભોળપણ તરવરતું હતું. આ સાંભળીને હું સ્તબ્ધ ! હું ફાટી આંખે છોકરાને જોઈ રહ્યો. છોકરો પુનઃ પોતાની મસ્તીમાં રમવા લાગ્યો. ગાડી ચાલી છૂક..છૂક..છૂક...!'' મારી પાસે શર્ટ નથી ને ''આ ખૂબ જ સરળતાથી બોલાયેલું વાક્ય જીવનની હતાશા ખંખેરી નાખે છે. છોકરો આટલું કહીને ફરી ગાડી ગાડી રમવા જતો રહ્યો. તેના મોં પર આનંદ હતો. આપણે એ ફરિયાદ કરવાથી ફુરસદ નથી મેળવી શકતા કે... ''મારી પાસે ગાડી નથી, બંગલો નથી, જમીન નથી, પૈસા નથી વગેરે ''પોતાના વાલીને ''મારે શર્ટ જોઈએ છે ''મારે એન્જિન બનવું છે. શર્ટ પહેર્યા વગર હું એન્જિન કેવી રીતે બની શકું ? મારે અત્યારે જ શર્ટ જોઈએ નહીં તો હું જમીશ નહી'' – આવી સામાન્ય ફરિયાદ કરવાને બદલે છોકરાએ વિકલ્પ શોધીને આનંદ લેવાનું ચાલુ રાખ્યું.... ગાર્ડનો છેલ્લો ડબ્બો બનીને છેલ્લા રહેવાનું પસંદ કર્યું અને રમતનો આનંદ લીધો. રમતનો આનંદ મહત્વનો છે, તમે છેલ્લા છો કે પહેલા એ મહત્વનું નથી. ગાડીમાં બેઠા છો એ મહત્વનું છે. જીવનમાં બધાને બધી વસ્તુઓ મળે એ શક્ય જ નથી....જે છે તેનાથી જીવનને સુંદર અને મજાનું કેવી રીતે બનાવી શકાય તેવી સમજણ કેળવવી એ જ જીવન જીવવાની કળા છે.એક વસ્ત્રહીન છોકરો મને જીવન જીવવાની રીત શિખવાડી ગયો.

**- હિરેનભાઈ વાચાની**

**ફેસબૂક વોલ પરથી**



N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# ઓનલાઈન જિંદગી

### *એક દંપતી ની જૂની મીઠી યાદો તાજા કરતી ખૂબ જ સરસ સ્મૃતિ વાર્તા*

ચશ્મા સાફ કરતાં વૃદ્ધે પત્નીને કહ્યું : આપણા સમયે ''મોબાઇલ'' ન હતા. હા પણ, બરાબર પાંચ ને પંચાવને હું દરવાજે પાણીનો ગ્લાસ ભરીને આવું ને તમે આવતા. હા, મેં ત્રીસ વરસ નોકરી કરી, પણ એ નથી સમજી શક્યો કે...! હું આવતો એટલે તું પાણી લઈને આવતી કે તું પાણી લઈને આવતી એટલે હું આવતો...?? હા યાદ છે, તમે રિટાયર થયા તે પહેલાં ''ડાયાબિટીસ'' ન હતો ત્યારે, હું જ્યારે તમને ભાવતી ખીર બનાવતી ત્યારે તમે કહેતા કે આજે બપોરે જ ઑફીસમાં વિચાર આવેલો કે આજે ખીર ખાવી છે.



હા ખરેખર, મને ઑફીસથી આવતાં જે વિચાર આવતો એ ઘરે આવીને જોઉ તો અમલમાં જ હોય અને યાદ છે, તમને હું પ્રથમ પ્રસુતીએ મારા પિયર હતી, અને દુઃખાવો ઉપડ્યો, મને થયું તમે અત્યારે હોત તો કેટલું સારું અને કલાકમાં તો જાણે હું સ્વપન જોતી હોઉં એમ તમે આવી ગયા. હા, એ દ્દિવસે મને એમ જ થયું લાવ જસ્ટ આંટો મારી આવું. જો ખ્યાલ છે..?તમે મારી આંખોમાં જોઇ કવિતાની બે લીટી બોલતા...! હા, અને તું શરમાઇને આંખો ઢાળી દેતી, એને હું કવિતાની ''લાઇક'' સમજતો. અને હા, હું બપોરે ચા બનાવતાં સહેજ દાઝેલી. તમે સાંજે આવ્યા અને ખીસ્સામાંથી બર્નોલ ટ્યુબ કાઢીને મને કહેલું કે લે આને કબાટમાં મુક. હા, આગલા દિવસે જ ફસ્ટએૅઇડ ના બોક્સમાં ખાલી થયેલી ટ્યુબ જોઇ એટલે ક્યારેક કામ લાગે એમ વિચારીને લાવેલો. તમે કહો કે આજે છુટવાના સમયે ઑફીસ આવજે આપણે મુવી જોઇ બહાર જમીને આવીશું પાછા, અને તું આવતી ત્યારે બપોરે ઑફીસની રીસેસમાં આંખો બંધ કરી મેં વિચાર્યું હોય એજ સાડી પહેરીને તું આવતી. (પાસે જઈ હાથ પકડીને) હા, આપણાં સમયમાં ''મોબાઇલ'' ન હતા...! સાચી વાત છે...! પણ...એ સમયે આપણે બે હતા...! હા, આજે દીકરો અને એની વહુ એક મેકની જોડે હોય છે, પણ...એમને વાત નહિ, 'વોટ્સએપ' થાય છે, એમને હુંફ નહિ, 'ટેગ' થાય છે, સંવાદ નહિ, 'કોમેન્ટ' થાય છે, લવ નહિ, 'લાઇક' થાય છે, મીઠો કજીયો નહિ, 'અનફ્રેન્ડ' થાય છે, એમને બાળકો નહિ, પણ 'કેન્ડીક્રશ', 'સાગા', 'ટેમ્પલ રન' અને 'સબવે' ગમે છે...!

છોડ બધી માથાકુટ, હવે આપણે 'વાઇબ્રન્ટ મોડ' પર છીએ અને આપણી 'બેટરી' પણ એક કાપો રહી છે, કયાં ચાલી....? ચા બનાવવા...અરે, હું તને કહેવા જ જતો હતો કે ચા બનાવ...! હા ... હજું હું 'કવરેજ' માંજ છું, અને 'મેસેજ' પણ આવે છે...!!

( બન્ને હસી ને...) હા પણ, આપણા સમયમાં 'મોબાઇલ' ન હતા.

**('આવકાર ગ્રુપ' માંથી સાભાર)**

## આઝાદીનું ૭૮મું વર્ષ – ગૌરવશાળી યાત્રાનો ઉત્સવ

૧૫ ઑગસ્ટ ૨૦૨૫, ભારત માટે એક વિશેષ અને ભાવનાપૂર્ણ દિવસ છે. આજે આપણું દેશ આઝાદીનો ૭૮મો વર્ષ પૂર્ણ કરીને ૭૯મા વર્ષે પ્રવેશ કરે છે. આ દિન માત્ર ભુતકાળના સંઘર્ષોને યાદ કરવાનો જ નહીં, પણ આગામી પેઢીઓને માટે નવી દિશા આપવાનો દિવસ પણ છે.

**ભારતનું સ્વતંત્રતા દિન:** એક ઝલક ઇતિહાસ પર – ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે, હજારો ક્રાંતિકારીઓના ત્યાગ અને બલિદાન પછી ભારત બ્રિટિશ શાસનમાંથી મુક્ત થયું. સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગત સિંહ, લાલા લજપતરાય અને અન્ય અનેક સ્વતંત્રતા સેનાનીઓએ આપણને આઝાદ ભારત આપી ગયું.

**આઝાદી બાદ ભારતની સફર :** આઝાદી પછીના વર્ષો દરમિયાન ભારતે ઘણી મહાન સિદ્ધિઓ હાંસલ કરી છે: વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે સ્થિરતા જાળવી રાખવી અવકાશ ક્ષેત્રે ISRO દ્વારા ચંદ્ર અને મંગળ સુધીનો મુસાફરો આત્મનિર્ભર ભારત તરફ ઉઠાવેલા દઢ પગલા તટસ્થ વિદેશ નીતિથી વિશ્વમાં માન આપાવ્યું. આરોગ્ય, કૃષિ, ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રે ઘણી નવીનતાઓ.

**યુવાનો માટે સંદેશ :** આજના ભારતને જ્યાં એક બાજુ ટેકનોલોજીથી નવી ઊંચાઈઓ મળે છે, ત્યાં બીજી બાજુ સંસ્કાર અને ઐતિહાસિક મૂલ્યો જાળવવા પણ મહત્વ છે. યુવાનો માટે આ દિવસ એ સંકલ્પ લેવા માટે શ્રેષ્ઠ તકો છે – જેમ આપણા પૂર્વજોએ આપણને આઝાદી આપી, તેમ આપણે ભવિષ્યની પેઢીઓને એક શક્તિશાળી, સમૃદ્ધ અને ન્યાય યુક્ત ભારત આપી શકીએ.

*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora



જય શ્રી ચામુંડા માતાજી

॥ શ્રી ગણેશાય નમઃ ॥

જય શ્રી રાંદલ માતાજી

॥ શ્રી સુરાપુરાશ્રી રણછોડઆપા ॥





## હાર્દિક નિમંત્રણ

સર્વ થડેશ્વર પરિવારજનો

સ્નેહી સ્વજનશ્રી, ..............................................................

સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી રાંદલ માતાજી ની અસીમ કૃપાથી થડેશ્વર પરિવારના સુરાપુરા પુજ્ય શ્રી રણછોડઆપા ભેસાણ (સોરઠ) મુકામે બિરજમાન છે. દર વર્ષની માફક આ વર્ષે

# ભાદરવી અમાસ

**આવે છે. સંવત ૨૦૮૧ ના શ્રાવણ વદ-અમાસ (ભાદરવી અમાસ) ને શનિવાર તા. ૨૩-૮-૨૦૨૫ ના રોજ** પૂજય શ્રી રણછોડઆપાને અભિષેક તથા પુજા, અર્ચન કરવા સર્વો થડેશ્વર પરિવાર અવશ્ય પધારશોજી. તેમજ આ સાથે મહાપપ્રસાદનું આયોજન કરેલ છે. જેના મુખ્ય યજમાન પદે **પાંચવડા વાળા હાલ રાજકોટ (કાંદિવલી-મુંબઈ) નિવાસી સ્વ. કાનજીભાઈ પુંજાભાઈ થડેશ્વર પરિવાર** તરફથી રાખવામાં આવેલ છે. તો સર્વે થડેશ્વર પરિવારને પધારવા ખાસ આમંત્રણ છે.



**મહાપ્રસાદ તથા ઉતારાનું સ્થળ**
**ગૌશાળા બસ સ્ટેશન પાસે,**
**મુ. રાણપુર (સોરઠ)**

**નિમંત્રક**

શ્રી પરજીયા પટ્ટણી સોની થડેશ્વર પરીવારના સુરાપુરા રણછોડઆપા ટ્રસ્ટ - ભેસાણ

**શુભ સ્થળ**

ઉબેણીયા નાગ તકડા પીપળીયા ગામનો કાચો રસ્તો, રફાળીયા રોડ,
મું. ભેસાણ(સોરઠ), જિ. જુનાગઢ.
શ્રી દિનેશભાઈ જે. થડેશ્વર મો. ૯૪૨૬૮ ૮૫૧૧૫, ૯૯૭૯૯ ૧૨૫૫૭
શ્રી કાળુભાઈ એલ. થડેશ્વર મો. ૯૪૨૬૯ ૩૬૮૮૧

**બેંકની વિગત**

A/c Name : SHRI PARJIYA PATTNI SONI THADESHWAR PARIVAR NA SURAPURA RANCHOD APA TRUST
A/c No. : 40765347105 Bank Name : STATE BANK OF INDIA
Branch : BABARA, AMRELI IFSC CODE : SBIN0060036

*જે સમાજની માન્યતાઓ અને નિયમો બીજાને હિનતાનો અનુભવ કરાવે છે*
*એ સમાજ પોતે જ હીન છે. – ધ્રુવ ભટ્ટ*

# આપણા જીવનમાં
# કેટલા મિત્ર હોવા જરૂરી છે?

૧) એક મિત્ર એવો હોવો જોઈએ જે આપણી મુશ્કેલીને પારખી શકે...

૨) બીજો મિત્ર એવો હોવો જોઈએ જે તમારા ખભા પર હાથ મૂકીને, તમને ગળે વળગાડીને તમારી માનસિક કટોકટી વખતે ખરું સાંત્વન આપી શકે...

૩) ત્રીજો મિત્ર એવો હોવો જોઈએ જે તમારી આર્થિક કટોકટી કે જરૂરિયાત વખતે સાથે ઊભો રહીને મદદ કરી શકે અને યોગ્ય સલાહ આપી શકે.

૪) ચોથો મિત્ર થોડો અનુભવી હોવો જોઈએ. એ તમારા પરિવારને નજીકથી ઓળખતો હોય તો વધુ સારું. એ તમને કૌટુંબિક પ્રશ્નોમાં મદદરૂપ બની શકે.

૫) પાંચમો મિત્ર એવો હોવો જોઈએ તમને તમારી ઑફિસ, તમારા વ્યવસાય, કેરિયરને લગતી મૂંઝવણમાં સારી ને સચોટ સલાહ તથા માર્ગદર્શન આપી શકે. સાભાર : સોળસંસ્કાર

---

## અગત્યની સુચના

**'પરજિયા સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'પરજિયા સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે સભ્યોને 'પરજિયા સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી.**




## શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૬–૨૦૨૫ થી ૩૦–૦૬–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

### શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) 'એજ્યુકેશન ફંડ'

૫,૦૦૧/- ગામ લાખણકા (હાલ બોરીવલી) નિવાસી સોની ગિરીશભાઈ વિનુભાઈ ધકાણના પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. સોની વિનુભાઈ આત્મારામભાઈ ધકાણની ૮મી પુણ્યતિથી નિમિત્તે સોનીવાડી સંસ્થાને એજ્યુકેશન ફંડમાં અર્પણ.


### સ્વ. સોની માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ – ગઢડા (સ્વામિના)
### સ્વ. સોની શાંતાબેન માધવજીભાઈ ધકાણ – 'મેડિકલ સહાય ફંડ'

૫,૦૦૧/- ગામ લાખણકા (હાલ બોરીવલી) નિવાસી સોની ગિરીશભાઈ વિનુભાઈ ધકાણના પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. સોની વિનુભાઈ આત્મારામભાઈ ધકાણની ૮મી પુણ્યતિથી નિમિત્તે સોનીવાડી સંસ્થાને મેડિકલ સહાય ફંડમાં અર્પણ.

### 'મેડીકલ સહાય ફંડ'

૨,૦૦૦/- ગામ દેરડી (હાલ બોરીવલી) નિવાસી સોની ગિરીશભાઈ રામજીભાઈ સાગરના પરમ પૂજ્ય માતૃશ્રી જયાબેન રામજીભાઈ સાગરની પુણ્યતિથી નિમિત્તે સંસ્થાને મેડિકલ સહાય ફંડમાં અર્પણ.

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**



# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| ✻ એક અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ✻ આખા વર્ષના અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with<br>Institution<br>SWIFT Code | Bank of Baroda, Business Financial Services<br>Branch, Kandivali, Mumbai<br>BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name<br>Account Number | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# ડી. કે. એસી હૉલ (સોનીવાડી)



એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી* ઓપન કેટરર્સ*





# SONI BANQUET HALL





આધુનિક સુવિધા ધરાવતા
ડિલક્સ AC રૂમો

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અદ્યતન રેન્જ

(* શરતો લાગુ)

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097
મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com

PARAJIA SONI SANDESH (Monthly) • JULY 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

## 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







### સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
### સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,